# બાડમેર જિલ્લાના તિલવાડા ખાતે ભરાયેલા પશુ મેળામાંથી કતલખાને લઈ જતાં પશુ બચાવાયા

ડીસા, તા. ૨૫

પાડોશી રાજ્ય રાજસ્થાન ના



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

બાડમેર જીલ્લા ના તિલવાડા ખાતે ભરાયેલા એક પશુ મેળામાંથી અંદાજિત ૧૧૯૦ અબોલ પશુ બળદ અને આખલા કસાઈઓના હાથે કતલખાને લઈ જતા બચાવેલ હોવાનો કિસ્સો -કાશમાં આવેલ છે.આ તમામ પશુઓ અંદાજીત ૧૪ દિવસ ની સડક માર્ગ ની યાત્રા બાદ ડીસા ની રાજપુર પાંજરાપોળ ખાતે લવાયેલ છે

ગુજરાત સરકારના ગૌ હત્યા અધિનિયમ અને પશુક્રૂરતા અધિનિયમના કડક કાયદા જાણે પશુઓની કત્લેઆમ ચલાવતા નરાધમો માટે કુણા અને કાગળ પરના હોય તેમ નિત્ય અને ખાસ કરીને રાજસ્થાનમાંથી ગુજરાત સહિતના અન્ય રાજયોમાં અબોલ ગાય, ભેંસ અને કુમળી વયના વાછરડા ક્રૂરતા પૂર્વક ટ્રકોમાં ભરી કતલખાનાઓમાં ઠલવાઈ રહ્યા છે.રાજસ્થાન માં ખેડૂતો નાં નામે ભરાતા પશુમેળા કસાઈઓ ની જાણે -પશુ ખરીદ મંડી બની રહ્યા છે તો વળી, પોલીસ ગમે તે અગમ્ય કારણોસર પશુધન કતલખાને લઈ જતી ટ્રકોની તલાશી લેતી નથી. જેનાથી અમીરગઢ, ગુંદરી, થાવર, શામળાજી સહિતની અનેક નાની-મોટી પોલીસ ચોકી, ચેક-પોસ્ટો આવા પશુધન કતલખાને લઈ જવાના -વેશદ્વારો બન્યા છે.

જેમાં ડીસાના જીવદયા માટે રાજ્ય સરકાર દ્વારા પારિતોષિત ભરતભાઈ કોઠારી, ગૌ સેવક સાકાભાઈ રબારી, ભેરાભાઈ માળી, પરેશભાઈ પંચાલ, તેમજ અનેક જીવદયા -મીઓ જોડાયા હતા. જેઓએ રાજસ્થાન રાજયના બાડમેર જિલ્લાના બાલોત્રા તાલુકાના તીલવાડા ગામે પહોંચી પશુમેળાની જાત માહિતી મેળવી હતી. જેમાં ચોંકાવનારી એવી હકીકત બહાર આવેલ કે આ પશુ મેળામાં કસાઈઓ પણ હાજર હતા. જેઓએ કોઈ કારણોસર ના વેચાયેલા અંદાજિત ૧૧૯૦ અબોલ કુમળી વયના વાછરડા ખરીદ્યા હતા અને કતલખાને લઈ જતા હતા.

જયારે આ ચોંકાવનારી હકીકત બહાર આવતાં જીવદયા -મીઓએ અલગ રાજય અને અલગ માહોલમાં પણ પોતાના જીવના જોખમે આ અબોલ વાછરડા કસાઈઓના હાથે કતલખાને લઈ જતા બચાવેલ છે.

રાજસ્થાન માં ઘુસી જીવના જોખમે વિપરીત પરીસ્તીથી માં ૧૧૯૦ અબોલ પશુ બચાવનારા જીવદયા -મિયો ની આ કામગીરી



-સંસનીય અને એક મોટી સફળતા કહી શકાય. હાલ આ પશુધન બાડમેર કલેક્ટર અને બાલોત્રા એસડીએમની મંજૂરી ડીસાની કાટ પાંજરાપોળ ખાતે જીવદયા -મીઓ પગપાળા લાંબી મંજીલ અન્દાજિત ૧૪ દિવસ બાદ ડીસા સડક માર્ગે લાવ્યા હતા જીવદયા -મીઓ અનેક માઈલોનું પગપાળા જ અંતર કાપી ડીસા આવતા સમગ્ર ગ્રામજનોએ આ જીવદયા -મીઓનું સ્વાગત કર્યું હતું અને અબોલ પશુઓને ઘાસચારો અને તબીબી સારવાર પૂરી પાડી હતી. આ પશુધન બચાવતા સમગ્ર જીવદયા -મીઓની ટીમ લોકોમાં અભિનંદનને પાત્ર બનેલ છે.

## સિંહી ગામના પરિવારને સુરેન્દ્રનગરમાં અકસ્માત

## ચાર વ્યક્તિઓના મોત : ગામમાં ઘેરા શોકની લાગણી

### બંધ કારને ધક્કો મારી રહેલા રાજપૂત પરિવારના સભ્યો પર પાછળથી ડમ્પર ફરી વળ્યુ હતુ

ઊંઝા, તા. ૨૫

ઊંઝા નજીકના સિંહી ગામના રાજપૂત પરિવારની મોટરકારને સુરેન્દ્રનગર જિલ્લામાં અકસ્માત નડતા એક અજાણ્યા બાઈકચાલક અને પરિવારના ત્રણ વ્યક્તિઓ મળી કુલ ચાર વ્યક્તિઓના મોત નિપજતાં ગામમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે.

ઊંઝા નજીક પાટણ રોડ પર આવેલી સિંહી ગામના મહેશસિંહ રાજપૂત પોતાના પરિવાર બહેનો સાથે ટવેરા મોટરકારમાં સૌરાષ્ટ્રની યાત્રાએ ગયા હતા. દરમિયાન તીર્થસ્થળ ચોટીલાથી માતાજીના દર્શન કરીને આ બધા સુરેન્દ્રનગર તરફ આવી રહ્યા હતા ત્યારે માર્ગમાં મુળી નજીક મોટરકાર બંધ પડી હતી. રાત્રીના દશેક વાગે માર્ગ પરથી પસાર થઈ રહેલ એક સેવાભાવી બાઈકચાલક અને રાજપૂત પરિવારના સભ્યો મોટરકારને ધક્કો મારીને ચાલુ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે પાછળથી પુરઝડપે આવેલી અજાણ્યા ડમ્ફરે જોરદાર ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં હરેશસિંહ રાજપૂત, તેમના બહેન ભાવનાબેન દિલીપસિંહ અને અજાણ્યા સેવાભાવી બાઈકચાલકના ઘટના સ્થળ પર જ કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. જ્યારે બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થતા તેઓને હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન કિંજલબેન રાજપૂતનું મોત નિપડતા મૃત્યુઆંક ચારનો થયો હતો. આ ગોઝારા અકસ્માતમાં સિંહી ગામના રાજપૂત પરિવારના ત્રણ વ્યક્તિઓના મોત નિપજતાં ગામમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ હતી.

### લોભિયા હોય ત્યા ધુતારા ભુખે ન મરે

## મહેસાણામાં બેંક કરતા વધુ વ્યાજ લેવા જતા લોકો છેતરાયા

ઊંઝા, તા. ૨૫

મહેસાણા ખાતે રામોસણા ચાર રસ્તા પાસે એક વર્ષ અગાઉ માર્કેટીંગ કંપની ખોલીને રોકડ પર વધુ વળતર આપવાની લાલચ આપી કંપનીના સંચાલકે અંદાજે સવા ત્રણ લાખ રૂપિયાની ઠગાઈ કરી હોવા અંગે પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મહેસાણા હાઈ-વે પર રામોસણા ચાર રસ્તા પાસે એક વર્ષ પૂર્વે રાજપુરોહિત હિરસિંહ નામના ઈસમો પ્રતિજ્ઞા માર્કેટીંગના નામે ઓફિસ ખોલી રોકાણકારોને ટૂંકા સમયમાં વધુ નાણાં આપવા જણાવ્યું હતું, આથી વધુ નાણાં મેળવવાની લાલચમાં કેટલાયે લોકોએ આ કંપનીમાં રોકાણો કર્યા હતા. દરમિયાન આ કંપનીના સંચાલક દ્વારા રોકાણકારો પૈકી યોગેશભાઈ જયંતિભાઈ પટેલ રહે. મોરવાડા તા, ચાણસ્માને વળતર પેટે ચેક આપ્યો હતો તે ચેક પરત ફર્યો હતો. આથી તેઓ છેતરાયા હોવાનું માલુમ પડતા તેમણે મહેસાણા બી ડીવીઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી જે મુજબ પોલીસે વિશ્વાસઘાત અને ઠગાઈનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

## કૃષિ મહોત્સવનો પ્રારંભ છતા પાક નિષ્ફળ વળતર ન ચૂકવાતા ખેડૂતોમાં રોષ

### ચૂંટણીઓ પહેલા સર્વે થયા છતા નાણાં ચૂકવાયા નથી

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લામાં કૃષિરથનો આજે મંત્રીના વરદ હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો છે તે સારી બાબત



(તસવીર : નિરવકુમાર સુથાર, મોડાસા)

છે પરંતુ છેલ્લા ૩ મહિના અગાઉ ચોમાસામાં વધુ વરસાદ પડવાથી નિષ્ફળ ગયેલ પાકના નાણાં આજ સુધી ખેડૂતોને ન ચૂકવાતા અરવલ્લી જિલ્લાના કૃષિ ખાતાની કામગીરી સામે પ્રશ્નાર્થ ઉભો થયો છે અને આ નાણાં સત્વરે ચૂકવવા માંગ ઉઠવા પામી છે.

અરવલ્લી જિલ્લામાં ગત વર્ષે વધુ વરસાદ પડવાથી અનેક ખેડૂતોનો પાક નિષ્ફળ ગયો હતો જેનું વળતર આપવાનું સરકારે નક્કી કર્યું હતું તે મુજબ જિલ્લાના કૃષિ વિભાગે ભાડે માણસો રાખી તાત્કાલિક સર્વે કરાવ્યો હતો પરંતુ લોકસભાની ચૂંટણી આવતા આચારસંહિતાના લીધે વળતર ચૂકવવાનું બાકી રહ્યું હતું ત્યાર બાદ આચારસંહિતા હટવા છતાં કૃષિ વિભાગના પેટનું પાણી હલતુ નથી અને કૃષિ રથનો આજે આઈ.કે. જાડેજાના હસ્તે પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. નવાઈની વાત તો એ છે કે જે ખેડૂતોના હિતમાં કૃષિરથ કાઢવામાં આવે છે તેજ ખેડૂતો છેલ્લા ૪ મહિનાથી સર્વે થવા છતા લાખો રૂપિયાના વળતરથી વંચિત છે તો કૃષિરચના તાયફા કરવાની જરૂર ખરી ? આ બાબતે ખેડૂતોમાં ખૂબજ રોષ જોવા મળી રહ્યો છે.

## પ્રાંતિજના બજાર ચોકમાં સ્થિત બંધ પોલીસ ચોકી અસમાજિક તત્વોનો અડ્ડો

### શોભાના ગાંઠીયા સમાન પોલીસ ચોકી પુનઃ ચાલુ કરવા શહેરીજનો અને વેપારીઓની માંગ

પ્રાંતિજ, તા. ૨૫

પ્રાંતિજ નગરના બજાર ચોકમાં આવેલી પોલીસ ચોકી હાલ શોભાના ગાંઠીયા સમાન બનીને પડી છે. પરિણામે આ ચોકી શહેરના અસામાજીક તત્વો માટે મોડી રાત સુધી બેસવાનું ઠામ ઠેકાણું બની ગયું છે. ત્યારે જે હેતુ માટે બનાવવામાં આવેલી આ પોલીસ ચોકી પુનઃ ધમધમતી થાય તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ નગરમાં થોડા વર્ષો અગાઉ નગરની વિવિધ સંસ્થાઓના સહયોગથી બજાર ચોક ખાતે નાગરિકોની મદદ અને સુરક્ષાને લઈ પોલીસ ચોકી ઉભી કરવામાં આવી હતી. આથી શહેરીજનો નિર્ભર પણે નિંદર લેતા હતા. પરંતુ છેલ્લા કેટલાક



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

સમયથી આ પોલીસ ચોકીમાં કોઈ કર્મચારી છે જ નહી પરિણામે તસ્કરો અને ઘરફોડીયાઓ બિન્દાસ બન્યા છે. અને આ બજાર ચોકમાં આંતરે દિવસે દુકાનોના તાળા તુટવા, ઘરફોડ ચોરી, વાહનચોરી, વાયર ચોરી અને સ્નેચીંગના બનાવો સતત વધી રહ્યા છે. તસ્કરોને મોકળુ મેદાન મળતા શહેરી ભયના ઓથાર નીચે જીવી રહ્યા છે. બીજી તરફ બંધ હાલતમાં પડેલી આ પોલીસ ચોકી હાલ તો શહેરના અસામાજિક તત્વોનો અડ્ડો બની છે. અહી સવારથી મોડી રાત સુધી અસામાજિક તત્વો ગપાટા મારી આવતા-જતા શહેરીજનોને પરેશાન કરતા હોવાની પણ ફરિયાદ ઉઠવા પામી છે. જેને લઈ સ્થાનિક બજાર વેપારીઓ અને શહેરીજનોએ ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે. અને તાત્કાલિક ધોરણે બંધ હાલતમાં રહેલી પોલીસ ચોકી પુનઃ ચાલુ કરાવવા માંગ કરી છે અને ચાલુ નહી થાય તો વેપારીઓ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે.

## ઊંઝામાં ક્રિકેટ મેચ પર સટ્ટો લેતા સટ્ટોડીયાઓના દૂષણને ડામવા પોલીસ નિષ્ફળ

ઊંઝા, તા. ૨૫

દેશમાં તા. ૧૬ એપ્રિલથી શરૂ થયેલ આઈ.પી.એલ. ટ્વેન્ટી-ટ્વેન્ટી ટુર્નામેન્ટને પગલે ક્રિકેટ મેચ પર સટ્ટો લેતા બુકીઓ તથા સટ્ટોડીયાઓ સજજ બની ગયા હોવાનું ચર્ચાય છે. વેપારી મથક અને આર્થિક રીતે સમૃદ્ધ ગણાતા ઊંઝા શહેરમાં પોલીસની રહેમ નજર હેઠળ છેલ્લા ઘણા સમયથી ક્રિકેટમેચ આધારિત ધૂમ સટ્ટો ખેલાય છે. શહેરમાં જુદા જુદા સ્થળોએ આવેલ કેટલીક દુકાનો તેમજ રહેણાંકના મકાનો તેમજ વાહનોમાં કોમ્પ્યુટરની મદદથી સટ્ટોડીયા તત્વો ક્રિકેટ મેચો પર સટ્ટાનું નેટવર્ક ચલાવવામાં આવે છે. હવે તો માર્કેટયાર્ડની દુકાનમાં પણ સટ્ટો ખેલાતો હોવાનું બહાર આવ્યું છે.

આઈ.પી.એલ.ની મેચો શરૂ થતાંની સાથે જ ક્રિકેટ સટ્ટા સાથે સંકળાયેલા સટ્ટોડીયાઓ તેમજ ક્રિકેટમેચ આધારિત જુગાર રમતા રમાડતા તત્વોએ નેટવર્ક ગોઠવી દીધુ હતું. કહે છે કે શહેરમાં ઘણા વખતથી સટ્ટાનું દુષણ ફેલાયેલ છે. આ ગેરકાયદે પ્રવૃત્તિમાં અત્યારસુધીમાં કેટલાય નવયુવાનો તથા અન્ય વ્યક્તિઓ આર્થિક રીતે બરબાદ થયા છે અને થઈ રહ્યા છે. કેટલાક વ્યક્તિઓએ સટ્ટામાં નુકશાની કે દેવું થઈ જવાથી જાન પણ ગુમાવ્યા છે તેવું ચર્ચાય છે.

પોલીસતંત્ર દ્વારા અવારનવાર દરોડો પાડવામાં આવે છે. પરંતુ આ સટ્ટાના દૂષણને ડામવા માટે કોઈ જ અસરકારક પગલાં ભરાતાં નથી. પરિણામે આ પ્રવૃત્તિએ મુળીયા નાંખી દીધા છે. આ પ્રવૃત્તિ ચાલવા પાછળ પોલીસને આર્થિક રીતે મોટો ફાયદો થતો હોવાનું ચર્ચાય છે. જેથી આ પ્રવૃત્તિ બંધ થાય તેમ પોલીસ ઈચ્છતી નથી તેવું પ્રજામાં બોલાય છે. શહેરમાં ક્રિકેટ સટ્ટાની સાથે વરલીમટકા, પત્તાપાનાના જુગારની પ્રવૃત્તિ, દારૂ, છેડતી, અનીતિધામ જેવી સમાજ વિરોધી પ્રવૃત્તિઓ પણ ચાલી રહી હોવાનું કેહેવાય છે. આ ગેરકાયદે બદીઓને સંપૂર્ણ નેસ્ત નાબુદ કરવા પોલીસ દ્વારા પગલાં ન ભરાતાં ગુનાહિત પ્રવૃત્તિઓ વકરી જવા પામી છે.

## હિંમતનગર ખાતેથી સાબરકાંઠા જિલ્લાના કૃષિ મહોત્સવનો પ્રારંભ

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે માર્કેટ યાર્ડમાં રવિવારે રાજ્ય કાયદામંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. દીપ પ્રાગટ્ય કરી કૃષિ મહોત્સવમાં જોડાનાર જિલ્લાભરના ખેડૂતોને અભિનંદન પાઠવતા મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, આજથી સમગ્ર રાજ્યમાં કૃષિ મહોત્સવનો પ્રારંભ થયો છે ત્યારે કૃષિ મહોત્સવ સાચા અર્થમાં ખેડૂતો માટે ઉત્સવ બન્યો છે. રાજ્યમાં છેલ્લા કેટલાક વર્ષોમાં કૃષિ ઉત્પાદન વધ્યુ છે, કૃષિલક્ષી કામગીરીમાં મહિલા વર્ગનો ફાળો મોટો છે. મહિલાઓ માત્ર ઘરકામ જ નહિ પરંતુ કૃષિકાર્યમાં સમાંતર રીતે જોડાયેલી રહે છે. મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે, ભારતીય સંસ્કૃતિ એ સાચા અર્થમાં કૃષિ સંસ્કૃતિ છે. રાજ્ય સરકારે કૃષિ મહોત્સવના માધ્યમથી કૃષિ સંસ્કૃતિને ઋષિ સંસ્કૃતિ સાથે જોડીને કૃષિક્ષેત્રે પરિવર્તન લાવી દીધુ છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી શહેર તરફ દોડ મુકતા યુવાનોને હવે કૃષિ ક્ષેત્રે વધુ આવકની તકો મળી છે, આથી ગામડાઓ તૂટતા બચ્યા છે. એટલુ જ નહિ શહેર જેવી સુવિધાઓ ગામડાઓમાં પણ મળી રહે તેની ચિંતા રાજ્ય સરકારે કરી છે. છેલ્લા કેટલાય દાયકાઓમાં ખેતી વિષયક આયોજન હાથ ધરવામાં આવ્યા નહોતા પરંતુ રાજ્ય સરકારે છેલ્લા સાત વર્ષથી કૃષિ મહોત્સવનું આયોજન કરી રાજ્યમાં કૃષિ અને પશુપાલન ક્ષેત્રમાં ક્રાંતિ લાવવામાં સફળતા મેળવી છે, તેમ મંત્રીએ જણાવ્યું હતું. રાજ્ય સરકારે પશુઓના આરોગ્યની ચિંતા કરી, પશુ આરોગ્ય મેળા અને સારવાર કેમ્પનું આયોજન કરી રસીકરણ, પશુ શસ્ત્રક્રિયા અને કૃત્રિમ બીજદાન જેવી પશુલક્ષી અનેકવિધ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે છે. પ્રાસંગિક પ્રવચન કરતા જિલ્લા કલેક્ટર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે, કૃષિ મહોત્સવના કારણે ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે અનેકવિધ પરિવર્તનો થયા છે. રાજ્ય સરકારે ખેડૂતોના હિતને ધ્યાને લઈ રાજ્યભરમાં ચેકડેમોનું નિર્માણ કરી જળક્ષેત્રે ક્રાંતિ લાવી દીધી છે. ગ્લોબલ વોર્મિંગના કારણએ હવામાનમાં ઘણા પરિવર્તનો આવ્યા છે. આથી હવે ખેડૂતોને કૃષિ પદ્ધતિમાં પણ પરિવર્તન કરવાની આવશ્યકતા ઉભી થઈ છે, કૃષિ મહોત્સવના માધ્યમથી ખેડૂતોને ઘરબેઠા કૃષિ વૈજ્ઞાનિકોના માર્ગદર્શન ઉપલબ્ધ થશે. કૃષિક્ષેત્રે નૂતન અભિગમ અપનાવનાર પ્રગતિશીલ ખેડૂત સર્વશ્રી જયંતિભાઈ પટેલ, કોકિલાબેન પટેલ સહિતને મંત્રી તથા મહાનુભાવોએ સન્માનિત કરી બિરદાવ્યા હતા. વડાલી તાલુકા વિકાસ અધિકારી પ્રજાપતિએ શાબ્દિક સ્વાગત કર્યુંહતું. ગુડાના ચેરમેન અશોકભાઈ ભાવસાર, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલ, પ્રફુલ્લભાઈ પટેલ, વી.ડી. ઝાલા, હિંમતનગર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન જેઠાભાઈ પટેલ, ગ્રામજનો-કૃષિપુત્રો ઉપસ્થિત રહ્યા હતા.

## પરસેવે નિતર્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

જોવા મળે છે. વેકેશનના સમયગાળાની સાથે ગરમીએ તીખા તેવર દેખાડતા કચેરીઓમાં પણ કર્મચારીઓની પાંખી હાજરી જોવા મળે છે. ઓફીસ અને ઘરોમાં ધમધમતા એ.સી અને એર કુલરના લીધે વીજ વપરાશનું -માણ બેવડાયું છે. મોટા ભાગના રહેણાંકોમાં પાવર કટઓફ ના લીધે નાગરિકોએ હાલાકી વેઠવી પડતી હોવાની બુમ પણ ઉઠવા પામી છે. આજે પણ દિવસ દરમિયાન નગરજનોએ અંગ દઝાડતી અને આકરી ગરમીનો અહેસાસ કર્યો હતો. રજાનો દિવસ હોવાથી ગરમીની અસરના લીધે દિવસ દરમિયાન શહેરમાં જાણે કરફ્યું લાગી ગયો હોય તેવી સ્થિતિ જોવા મળી હતી. દિવસના મહત્તમ તાપમાન ૪૧.૫ ડીગ્રી નોંધાયું હતું. ગરમીનો પારો ગઈ કાલની સાપેક્ષમાં દોઢ ડીગ્રી જેટલો નીચે ગગડ્યો હતો. શહેરીજનોએ ગરમીમાં કોઈ વિશેષ રાહત અનુભવી ન હતી. લઘુત્તમ તાપમાન ૨૮.૫ ડીગ્રી નોંધાયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ અચાનક વધતા સવારે ૫૩ ટકા અને સાંજે ૩૦ ટકા રહ્યું હતું. ભેજ વધતા આકરા તાપની સાથે નાગરિકોએ બફારો અનુભવ્યો હતો.

## નરેન્દ્ર મોદીનો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈતિહાસ સર્જીને સ્પષ્ટ બહુમતિ મેળવી લીધી હતી. ભાજપે એકલા હાથે કુલ ૨૮૩ બેઠકો જીતી હતી.જ્યારે ભાજપના તમામ સાથીઓની બેઠકોની ગણતરી કરવામાં આવે તો આંકડો ૩૩૭ પર પહોંચી જાય છે. નરેન્દ્ર મોદી સરકારની રચનાની પ્રક્રિયા પૂર્ણ થઈ ચુકી છે. અગાઉ સંસદ ભવનમાં ભાજપ સંસદીય દળની બેઠક યોજાઈ હતી. જેમાં નરેન્દ્ર મોદીને સંસદીય દળના નેતા તરીકે સર્વસંમતિથી ચૂંટી કાઢવામાં આવ્યા હતા. સૌથી મહત્વપૂર્ણ બાબત એ રહી હતી કે પક્ષના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીએ સંસદીય દળના નેતા તરીકે મોદીના નામની દરખાસ્ત મુકી હતી. ત્યારબાદ આને તમામે સમર્થન આપ્યું હતુ. ભાજપ સસંદીય દળની બેઠક બાદ એનડીએની બેઠક યોજાઈ હતી. જેમાં મોદીના નામ પર સહમતી બની હતી. સરકારી સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે મોદીની શપથવિધીને નિહાળવા માટે આશરે ૪૦૦૦ ભારતીય અને વિદેશી પ્રતિનિધી પહોંચી રહ્યા છે. જેથી રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં આ વિધીને સુરક્ષિતરીતે પાર પાડવા માટે સુરક્ષા સંસ્થાઓની મોટી જવાબદારી રહેશે. એક અંદાજ મુજબ આશરે ૫૦૦૦ જવાનો માત્ર રાષ્ટ્રપતિ ભવનની આસપાસ તૈનાત કરવામાં આવ્યા છે. પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફ નરેન્દ્ર મોદીની શપથવિધીમાં ભાગ લેવા માટે સંમત થઈ જતાં વિશ્વભરમાં ઉત્સુકતા વધી ગઈ છે. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે સંબંધોમાં એક નવા યુગની શરૂઆત પણ થઈ શકે છે. નવાઝ શરીફે નરેન્દ્ર મોદી દ્વારા મોકલવામાં આવેલા આમંત્રણને સ્વીકારી લેવાની વાત પાકિસ્તાને કરી છે. પાકિસ્તાનના વડાપ્રધાનના સલાહકાર સરતાજ અઝીઝે આની જાહેરાત કરતા કહ્યું હતું કે નવાઝ શરીફ ૨૬મી મેના દિવસે યોજાનાર કાર્યક્રમમાં ભાગ લેશે. જીઓ ટીવીએ માહિતી આપતા કહ્યું છે કે નવાઝ શરીફનો પ્રવાસ ટુંકો રહેશે પરંતુ આ ગાળા દરમિયાન નવાઝ શરીફ નરેન્દ્ર મોદીની સાથે ૨૭મી મેના દિવસે દ્વિપક્ષીય વાતચીત કરે તેવી સંભાવના દેખાઈ રહી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પ્લેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન